# કામરેજ ચાર રસ્તા પાસે ડિમોલિશન

**કામરેજ** સંકલનમાં સુડાના અધિકારીઓનો ઉઘડો લેવાતાં કામગીરી





વિશાલ પટેલ

કામરેજઃ કામરેજ તાલુકા સંકલન સમિતિમાં રાજ્યના આરોગ્ય મંત્રી એવા કામરેજના ધારાસભ્ય પ્રફુલ પાનશેરીયાએ સુડાના અધિકારીઓનો ઉધાડો લેતાં જ સુડા વિભાગ હરકતમાં આવી ગયો છે.

કામરેજ ચાર રસ્તાના સર્વિસ રોડ પરનાં દબાણો બુધવારના રોજ દૂર કરવામાં આવ્યાં છે. થોડા દિવસ અગાઉ કામરેજ પંચાયત ખાતે સંકલન સમિતિની બેઠકમાં સુડા વિભાગ દ્વારા કામગીરી થતી ન હોવાની ફરિયાદના લઈને રાજ્યના આરોગ્ય વિભાગના મંત્રી એવા કામરેજના ધારાસભ્ય પ્રફુલ પાનશેરીયા દ્વારા અધિકારીનો ઉધાડો લેવામાં આવ્યો હતો. જેને લઈ હરકતમાં આવેલા સુડા વિભાગ દ્વારા બુધવારના રોજ કામરેજ પોલીસના ચુસ્ત બંદોબસ્ત હેઠળ જે.સી.બી. મશીન દ્વારા કામરેજ ચાર રસ્તાથી નવાગામ જતાં સર્વિસ રોડ, કામરેજ ચાર રસ્તાથી સુરત જતાં સર્વિસ રોડ તેમજ સુરતથી કામરેજ ચાર રસ્તા જતાં સર્વિસ રોડ લારીગલ્લા દ્વારા કરવામાં આવેલાં દબાણો તેમજ દુકાનો આગળ મૂકેલો સામાન, આર.સી.સી.ના બનાવેલા ઓટલા તોડી પાડવામાં આવ્યા હતા.

સાથે સાથે કામરેજ પોલીસે નો પાર્કિંગ ઝોનમાં પાર્ક કરેલી ફોર વ્હીલના ઈ મેમો પણ આપ્યા હતા. આ કામગીરી કામરેજ મામલતદાર પણ જોડાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, સુડામાં સમાવિષ્ટ ગામોમાં આવેલી સોસાયટીઓમાં પણ ગેરકાયદે બાંધકામનો પણ રાફડો ફાટ્યો છે તેના પર પણ લાલ આંખ કરવામાં આવે એવી પ્રજામાં માંગ ઊઠી છે.

## બારડોલીમાં યુવક ઉપર હુમલો

બારડોલીઃ બાબેન ગામે મિત્ર સાથે મંદિરે જઈ રહેલા ૨૦ વર્ષીય ક્રિશકુમાર પટેલ (રહે.,જલારામ હુડકો સોસાયટી, બારડોલી) પર હુમલો થયો હતો. બારડોલી જે.પી.નગરના ધ્રુવ ભારતી, બારડોલી હનુમાન ગલીના ઓમ પંડ્યા અને ધામડોદ લુંભાના જશ ચૌધરી સાથે કારમાં જઈ રહેલા ક્રિશકુમારે બુલેટ ચાલક પાસે સાઈડ માંગવા અપર-ડીપર મારતાં વિવાદ થયો હતો. જેની અદાવત રાખી આરોપી ભાવેશ ગોસ્વામીએ ફોન પર ધમકી આપી હતી. બાદ બાબેનના એમ્પાયર સ્ક્વેર પાસે ભાવેશ અને તેના મિત્રોએ ક્રિશકુમાર તથા તેના મિત્રો પર હુમલો કરી માર માર્યો હતો. પોલીસે ભાવેશ ગોસ્વામી, ક્રિષ્ના ભોઈ, ચેતન ખેરનાર અને આદિત્ય વિરુદ્ધ મારામારી તથા ધમકી અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભરૂચની 700 વર્ષ જૂની જામા મસ્જિદમાં પ્રાચીન મૂર્તિઓ મળી

**પુરાતત્ત્વ** વિભાગની તપાસ જારી, મસ્જિદના ટ્રસ્ટીઓએ દાવાઓને ફગાવ્યા



ભરૂચઃ ભરૂચ શહેરની ઐતિહાસિક અને રાષ્ટ્રીય ધરોહર તરીકે ઓળખાતી 700 વર્ષ જૂની જુમ્મા (જામા) મસ્જિદ ફરી એકવાર વિવાદના કેન્દ્રમાં આવી છે. મસ્જિદના વર્ષોથી બંધ રહેલા ભોંયરામાં પુરાતત્ત્વ વિભાગની તપાસ દરમિયાન જૈન ધર્મના 19મા તીર્થંકર ભગવાન મલ્લિનાથ સહિત હિન્દુ દેવી-દેવતાઓની પ્રાચીન મૂર્તિઓ મળી આવ્યાનો દાવો કરવામાં આવી રહ્યો છે. આ અંગેનો એક વિડીયો વાઇરલ થયો છે, જે માર્ચ મહિનામાં ઉતાર્યો હોવાનું સામે આવ્યું છે.

છેલ્લા કેટલાક મહિનાઓથી સંતો-મહંતો તેમજ વિવિધ હિન્દુ અને જૈન સંગઠનો દ્વારા મસ્જિદના ઐતિહાસિક મૂળ અંગે રજૂઆતો કરવામાં આવી રહી હતી. આ રજૂઆતો અને વિવાદ વચ્ચે પુરાતત્ત્વ વિભાગે કડક સુરક્ષા બંદોબસ્ત વચ્ચે વર્ષોથી બંધ રહેલા ભોંયરાની તપાસ હાથ ધરી હતી. માહિતી અનુસાર તપાસ દરમિયાન ભોંયરામાંથી ભગવાન મલ્લિનાથની એક પ્રાચીન પ્રતિમા મળી આવી હોવાનું જણાવાયું છે. પ્રતિમા પર સંવત 1213નો ઉલ્લેખ જોવા મળ્યો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. ઉપરાંત, મસ્જિદના કેટલાક થાંભલાઓ અને સ્થાપત્યમાં જૈન તથા હિન્દુ પરંપરાની કોતરણીઓ અને શિલ્પાકૃતિઓ પણ જોવા મળતી હોવાનું કહેવાઈ રહ્યું છે. સમગ્ર તપાસની વિડીયોગ્રાફી કરીને અહેવાલ ઉચ્ચ અધિકારીઓને મોકલવામાં આવ્યો હોવાનો પણ દાવો કરાયો છે.

ભરૂચના નવચોકી ઓવારા સ્થિત શંકરાચાર્ય મઠના મહંત મુક્તાનંદ સ્વામીએ જણાવ્યું હતું કે, "જુમ્મા મસ્જિદનું મૂળ સ્વરૂપ જૈન સમરી વિહાર હોવાનું અને તે શ્રી ચક્રધર સ્વામીનું જન્મસ્થળ હોવાનું અમે લાંબા સમયથી રજૂ કરતા આવ્યા છીએ. ભોંયરામાંથી મળેલી મૂર્તિઓ અમારા દાવાને મજબૂત બનાવે છે." તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભોંયરાના અન્ય ભાગો તેમજ કૂવાના વિસ્તારમાં વધુ તપાસ કરવામાં આવે તો અન્ય પુરાવાઓ મળી આવવાની સંભાવના છે.

બીજી તરફ જુમ્મા મસ્જિદના ટ્રસ્ટી અબ્દુલ કામઠીએ આવા દાવાઓને ફગાવી દીધા છે. ટ્રસ્ટીઓના જણાવ્યા અનુસાર આ ઐતિહાસિક મસ્જિદ વર્ષ-1907થી સરકારી ગેઝેટમાં નોંધાયેલી છે તેમજ વક્ફ બોર્ડ હેઠળના ટ્રસ્ટ દ્વારા તેનું સંચાલન કરવામાં આવે છે. તેમણે કહ્યું કે કેટલાંક તત્ત્વો દ્વારા બિનજરૂરી વિવાદ ઊભો કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે અને આ મામલે કાનૂની સલાહ લેવામાં આવી રહી છે.

દરમિયાન, મસ્જિદ પરિસરમાં બિનઅધિકૃત બાંધકામો અંગે પણ પુરાતત્ત્વ વિભાગ દ્વારા તપાસ ચાલી રહી છે. તાજેતરમાં જ મંજૂરી વિના બનાવવામાં આવેલા વજુ ખાનાના બાંધકામને દૂર કરવામાં આવ્યું હતું અને એક વિવાદિત દરવાજાને સીલ કરવામાં આવ્યો હતો. હવે પુરાતત્ત્વ વિભાગના સત્તાવાર અને અંતિમ અહેવાલ બાદ જ આ ઐતિહાસિક ઇમારત અંગે આગળની વહીવટી અને કાનૂની કાર્યવાહીનો માર્ગ સ્પષ્ટ થશે. ત્યાં સુધી ભરૂચ સહિત રાજ્યભરમાં આ મુદ્દો ચર્ચાસ્પદ વિષય બન્યો છે.

# કાકરાપારમાં દરોડાઃ એક રેતી માફિયા નદીમાં કૂદીને ગાયબ

**ફિલ્મી** ઢબે નાસી છૂટેલા ભૂમાફિયાઓનો 25 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો



હિતેશ પટેલ

માંડવીઃ તાપી નદીના પટમાં કાકરાપાર અણુવિદ્યુત મથકની સામે ચાલી રહેલા ગેરકાયદે રેતી અને ગ્રાવેલ ખનનના મસમોટા કૌભાંડ પર સુરત ભૂસ્તર વિભાગે આખરે સકંજો કસ્યો છે. સુરતના ભૂસ્તરશાસ્ત્રી પ્રવીણ આર.ખાંભલાના માર્ગદર્શન હેઠળ માઈન્સ સુપરવાઈઝર ઓમપ્રકાશ વૈષ્ણવની ટીમે આકસ્મિક દરોડો પાડ્યો હતો. તંત્રને જોઈને મુખ્ય સૂત્રધાર ગીરીશ ચૌધરી સહિતના ખનીજ માફિયાઓ નદીના ધસમસતા પ્રવાહમાં કૂદીને ફિલ્મી ઢબે ફરાર થઈ ગયા હતા.

ભૂસ્તર વિભાગે સ્થળ પરથી રૂ.૧૦ લાખની ટ્રક અને રૂ.૧૫ લાખનું એક્સ્કેવેટર (જેસીબી) મળી કુલ રૂ.૨૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી માંડવી મામલતદારને સોંપ્યો છે. તપાસ દરમિયાન ચાર અલગ-અલગ સ્થળોએથી ૩૪૩૯.૬૬૮ મેટ્રિક ટન સાદી રેતીનો જંગી જથ્થો મળી આવ્યો હતો.

પર્યાવરણને નુકસાન પહોંચાડવા બદલ તંત્રએ રૂ.૧૭,૬૨,૩૮૫ના તોતિંગ દંડની વસૂલાત નિર્ધારિત કરી છે. માંડવી પોલીસ મથકે મુખ્ય આરોપી ગીરીશ ફીરકા ચૌધરી, દિવ્યેશ ચૌધરી અને જીગ્નેશ ચૌધરી વિરુદ્ધ ગુનો નોંધાયો છે. મુખ્ય આરોપી ગિરીશ અગાઉ એપ્રિલ-૨૦૨૫માં પણ લાખોનો દંડ ભરી ચૂક્યો હોવા છતાં ફરી આ કાળા કારોબારમાં સક્રિય થયો હતો.

બીજી તરફ માંડવી-અરેઠ પંથકમાં પુના નહેર પર કાકડાવા નજીક પણ રાત-દિવસ માટી ખનન બેરોકટોક ધમધમી રહ્યું છે. જો ભૂસ્તર વિભાગ ત્યાં પણ નિષ્પક્ષ તપાસ કરે તો સરકારને થતું કરોડોનું નુકસાન અટકી શકે તેમ છે, પરંતુ તંત્રની મિલીભગતની આશંકા વચ્ચે હવે કડક કાર્યવાહી થાય તે સમયની માંગ છે.

## ઝાંખરી ગામમાં યુવકે ફાંસો ખાધો

વ્યારાઃ ઝાંખરીના આશ્રમ ફળિયામાં રહેતા ૨૦ વર્ષીય સંજયકુમાર ગામીતના ઘરમાં માતા સુનિતા અને બહેન વનિતા વચ્ચે ઘરકામ બાબતે બોલાચાલી થઈ રહી હતી. સંજયે બંનેને સમજાવવા પ્રયાસ કર્યો હતો, પરંતુ તકરાર ચાલુ રહેતાં વ્યથિત થઈ સંજયે ૮ જૂને બપોરે ઘરની પાછળ આવેલા શેરડીના ખેતરમાં આંબાની ડાળી સાથે દોરી બાંધી ફાંસો ખાઈ લીધો હતો.

## કામરેજમાં સ્ટીલના નામે વેપારી સાથે છેતરપિંડી

કામરેજઃ કામરેજની શાંતિવન સોસાયટીમાં રહેતા અને બાંધકામનો વ્યવસાય કરતા કિશોરભાઈ વણપરીયાને અજાણ્યા નંબરેથી જેએસડબ્લ્યૂ સ્ટીલ કંપનીના નામે ફોન આવ્યો હતો.

ભેજાબાજોએ ૧૦ ટન સ્ટીલનો ઓર્ડર નક્કી કરી, વિશ્વાસમાં લઈ કિશોરભાઈ પાસે ઓનલાઈન ૫ લાખ ટ્રાન્સફર કરાવી લીધા હતા. નાણાં ચૂકવ્યા છતાં સ્ટીલની ડિલિવરી ન આપી વાયદાઓ કરતાં છેતરાયાનો અહેસાસ થતાં તેમણે સાયબર ક્રાઈમમાં ફરિયાદ કરી હતી. આ અંગે કામરેજ પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# વરેલીમાં જૂની અદાવતમાં બે યુવક પર ચપ્પુ વડે હુમલો

**ગંભીર** રીતે ઘવાયેલા એક યુવકની હાલત નાજૂક

પલસાણાઃ પલસાણાના વરેલી ગામે જૂની અદાવત રાખીને બે સગા ભાઈએ બે યુવકો પર ચપ્પુ વડે હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા એક યુવકની હાલત નાજૂક હોવાથી તેને હોસ્પિટલના ICUમાં દાખલ કરવામાં આવ્યો છે. સમગ્ર મામલે કડોદરા GIDC પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

વરેલી ગામે શાંતિનગર સોસાયટીમાં રહેતા અને ત્યાં જ ખેતેશ્વર કોમ્પ્લેક્સની સામે પાનનો ગલ્લો ચલાવતા ૧૯ વર્ષીય શુભમ પિન્ટુ ગોવિંદ પાંડેએ આ અંગે ફરિયાદ નોંધાવી છે. સોમવાર, ૮ જૂન-૨૦૨૬ના રોજ રાત્રે આશરે સાડા નવ વાગ્યે શુભમ અને તેનો મિત્ર વિશાલ સૂર્યનાથ પાંડે ગલ્લા પાસે ઊભા હતા.

દરમિયાન જોળવા ગામના રહેવાસી હનીસીંગ રાજપૂત અને રાજા રાજપૂત નામના બે ભાઈઓ ત્યાં મોપેડ પર આવ્યા હતા. વિશાલ સાથે જૂની અદાવત રાખી આ બંને ભાઈ ગાળો બોલવા લાગ્યા હતા. જ્યારે વિશાલે તેમને ઝઘડો ન કરવા જણાવ્યું, ત્યારે ઉશ્કેરાઈને હનીસીંગ અને રાજાએ પોતાની પાસે રહેલા ચપ્પુ વડે વિશાલ પર હુમલો કરી દીધો હતો. મિત્ર વિશાલને વધુ મારમાંથી છોડાવવા માટે જ્યારે ફરિયાદી શુભમ વચ્ચે પડ્યો, ત્યારે હનીસીંગે તેને પકડી રાખ્યો હતો અને રાજા રાજપૂતે ચપ્પુ શુભમને મારી ઈજા પહોંચાડી હતી. બંને યુવકોએ બૂમાબૂમ કરતાં હુમલાખોર ભાઈઓ પોતાની મોપેડ લઈને ઘટના સ્થળેથી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત શુભમ અને વિશાલને તેમના અન્ય મિત્રોએ તાત્કાલિક રિક્ષામાં ચલથાણની સંજીવની હોસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે ૧૦૮ મારફતે સુરતની સ્મીમેર હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. વિશાલ પાંડેને પેટના ભાગે, ડાબા પગે અને કમરના ભાગે ગંભીર ઈજા થઈ હોવાથી તેને હાલ ICUમાં દાખલ કરી સારવાર આપવામાં આવી રહી છે. આ બનાવ અંગે સ્મીમેર હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં જઈને પોલીસે ફરિયાદી શુભમ પાંડેની ફરિયાદના આધારે હનીસીંગ રાજપૂત અને રાજા રાજપૂત વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

# અંકલેશ્વરના કેમિકલ ઉદ્યોગો માટે GPCBનો ઐતિહાસિક નિર્ણય

સુરતઃ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા અંકલેશ્વરના કેમિકલ ઉદ્યોગો માટે 'Inter-CETP Effluent Transfer' અંગે ઐતિહાસિક નિર્ણય લેવાયો છે. લઘુ ઉદ્યોગ ભારતી (ભરૂચ)ની રજૂઆત બાદ લેવાયેલા આ નિર્ણયથી ઉદ્યોગો નિર્ધારિત શરતો સાથે અન્ય CETPમાં એફ્લુઅન્ટ ટ્રાન્સફર કરી શકશે. આનાથી ઉદ્યોગોની કાર્યક્ષમતા વધશે અને ખર્ચ ઘટશે.

આ નિર્ણયનો સૌથી મોટો ફાયદો પર્યાવરણને થશે. Common MEE પર બોજ ઘટતાં દર વર્ષે અંદાજે ૧.૭૭ લાખ ટન કોલસાનો વપરાશ અને ૪.૨૫ લાખ ટન COનું ઉત્સર્જન અટકશે.

આ સમગ્ર પ્રક્રિયામાં લઘુ ઉદ્યોગ ભારતીના રાષ્ટ્રીય પૂર્વ અધ્યક્ષ ડો.બળદેવભાઈ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ કમલેશ ગામી, રમેશભાઈ ચોડવડિયા, વિશિત પટેલ, વાલમજી દેસાઈ, કિશોર કાછડિયા અને જીતેશ પટેલ સહિતના આગેવાનોના સતત પ્રયત્નો અને રજૂઆતોના પરિણામે આ મહત્ત્વપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે.

## માસમા ગામમાં ગેસ રિફિલિંગ કરતાં એક ઝડપાયો

સાયણઃ માસમા ગામની સીમમાં આવેલી 'ગાજણ માતા કિરાણા સ્ટોર' નામની દુકાનમાં ઓલપાડ પોલીસે રેઈડ પાડી ગેરકાયદે અને જોખમી ગેસ રિફિલિંગનું કૌભાંડ ઝડપી પાડ્યું છે. પોલીસે ઘટના સ્થળેથી મૂળ રાજસ્થાનના આરોપી જોમારામ રગારામ દેવાસી (ઉં.વ.૩૬)ની ધરપકડ કરી છે. આરોપી કિરાણાની દુકાનની આડમાં કોમર્શિયલ બાટલામાંથી નાની બોટલોમાં ગેસ રિફિલિંગ કરતો હતો. પોલીસે દુકાનમાંથી કોમર્શિયલ અને ઘરેલું ગેસ સિલિન્ડર, ઈલેક્ટ્રિક વજન કાંટો તથા રિફીલિંગ પાઈપ મળી કુલ ૫,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પાસ-પરમિટ કે ફાયર સેફ્ટી વિના લોકોનો જીવ જોખમમાં મૂકવા બદલ ગુનો નોંધી હે.કો. જગદીશ પટેલે વધુ તપાસ હાથ ધરી છે.

# કડોદ હાઈ.ના વિદ્યાર્થીઓ માટે બસ સુવિધાના અભાવે ભણતરને અસર

**બસ** અને પાસની વ્યવસ્થા માટે ધારાસભ્ય ઈશ્વર પરમારને રજૂઆત

કડોદઃ ધી કડોદ હાઈસ્કૂલમાં આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી અભ્યાસ અર્થે આવતા વિદ્યાર્થીઓને એસ.ટી. બસની પૂરતી સુવિધા ન મળવાને કારણે ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. અનિયમિત બસોને લીધે વિદ્યાર્થીઓ સમયસર શાળાએ પહોંચી શકતા નથી, જેના કારણે તેમનો અભ્યાસ બગડી રહ્યો છે. ખાસ કરીને અંતરિયાળ ગામડાંમાંથી આવતી વિદ્યાર્થિનીઓને આ સમસ્યાથી વધુ મુશ્કેલી વેઠવી પડે છે. જો બસ રૂટો નિયમિત થાય તો ગામડાની દીકરીઓને સરકારની યોજના મુજબ નિઃશુલ્ક મુસાફરીનો લાભ મળી શકે તેમ છે. આ ગંભીર સમસ્યાના કાયમી ઉકેલ માટે શાળા પ્રશાસન અને સ્થાનિકો દ્વારા બારડોલીના ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારને લેખિતમાં રજૂઆત કરી તાત્કાલિક પગલાં ભરવા માંગ કરાઈ છે. રજૂઆતમાં શાળાના સમય (નિયમિત દિવસોમાં સવારે ૯:૩૦થી સાંજે ૪:૪૫ અને શનિવારે સવારે ૭:૩૦થી બપોરે ૧૧:૩૦) મુજબ બસો દોડાવવા વિનંતી કરાઈ છે. આ ઉપરાંત, ગત વર્ષોની જેમ વિદ્યાર્થીઓને બસ પાસ કઢાવવા માટે દૂર ન જવું પડે તે માટે કડોદ બસ સ્ટેન્ડના કન્ટ્રોલ રૂમમાં જ પાસની વ્યવસ્થા ઊભી કરવા વિશેષ માંગ કરવામાં આવી છે.

આ અંગે તાત્કાલિક અસરથી રૂટ. નં.૧ પિપરિયા, ખંજરોલી, ઉમરસાડી, હરિપુરાથી કડોદ, રૂટ નં ૨ ગોદાવાડી, ઉન, કોસાડી, હરિપુરાથી કડોદ, રૂટ નં ૩ બાલ્દા, સાદડી ચાર રસ્તા, વઢવાણિયા, નસુરાથી કડોદ, રૂટ નં ૪ મસાડથી કડોદ, રૂટ નં ૫ માંડવી, તરસાડા, જાખલા, ઝરીમોરાથી કડોદ, રૂટ નં ૬ મઢી, નાની ભટલાવ, ઓરગામ, જૂનવાણી, બામણી, સિંગોદથી કડોદ અને રૂટ નં ૭ સમથાણ, મોરીથી કડોદ જેવાં મહત્ત્વનાં ૭ ગ્રામ્ય રૂટો પર કડોદ તરફ આવતી બસ સુવિધા શરૂ કરવા યાદી સોંપાઈ છે. આ મામલે એસ.ટી. નિગમ નિયામકશ્રી (સુરત ગ્રામ્ય) અને સુરત કલેક્ટર કચેરીને પણ યોગ્ય કાર્યવાહી અર્થે નકલ રવાના કરાઈ છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ભરૂચના વાલિયા AMPCમાં ચેરમેન પદે યોગેન્દ્રસિંહ મહીડા આરૂઢ



ભરૂચઃ વાલિયા APMC કચેરીમાં ગુરુવારે જિલ્લા રજિસ્ટ્રાર પરેશભાઈ બી. કણકોટીયાના અધ્યક્ષ સ્થાને પ્રમુખ અને ઉપપ્રમુખ પદની ચૂંટણી માટે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ખેડૂતનાં હામી એવા યોગેન્દ્રસિંહ જશવંતસિંહ મહીડાના નામની ચેરમેન પદે એકમાત્ર દરખાસ્ત આવતાં તેમને સતત બીજી ટર્મ માટે બિનહરીફ ચેરમેન તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. નવનિયુક્ત ચેરમેન યોગેન્દ્રસિંહ મહીડાના અધ્યક્ષ પદે વાઈસ ચેરમેનની ચૂંટણી યોજાઈ હતી, જેમાં પ્રવીણસિંહ મુળજીબાવા સુરતીયાની એકમાત્ર દરખાસ્તને માન્ય રાખી તેમને ઉપપ્રમુખ તરીકે બિનહરીફ જાહેર કરાયા હતા. બંને નેતાઓની ફરીવાર પસંદગી થતાં સમર્થકોએ તેમને ભરપૂર વધાવી લીધા હતા.

### સરવાળા ગામ નજીક દારૂનો નાશ કરાયો



કુકરમુંડાઃ નિઝરના સરવાળા ગામ નજીક વિવિધ ગુનાઓમાં જપ્ત કરાયેલા દારૂના મુદ્દામાલનો કાયદેસર નાશ કરવામાં આવ્યો હતો. નિઝર, કુકરમુંડા અને ઉચ્છલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં વિવિધ પ્રોહિબિશન ગુનાઓમાં જપ્ત કરાયેલ અંદાજે રૂ.49 લાખથી વધુ કિંમતના વિદેશી અને દેશી દારૂના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન કુલ 18,937 દારૂની બોટલો પર રોલર ફેરવી મુદ્દામાલનો નિકાલ કરવામાં આવ્યો હતો.

### કામરેજના ગેસ્ટ હાઉસમાં વેપારીનું મોત

કામરેજ: મૂળ રાજસ્થાનના અને હાલ સુરતના પરવત પાટિયા ખાતે રહેતા 40 વર્ષીય સાડીના વેપારી મહેન્દ્ર જગદીશ જૈનનું કામરેજના શ્રી સાંઈ ગેસ્ટ હાઉસમાં રહસ્યમય સંજોગોમાં મોત નીપજ્યું છે. મુંબઈ જતાં પહેલાં તેઓ કામરેજ ચાર રસ્તા નજીક આવેલા ગેસ્ટ હાઉસમાં આરામ કરવા રોકાયા હતા. સાંજે રૂમનો દરવાજો ન ખોલતા પોલીસે તપાસ કરી તેમને બેભાન અવસ્થામાં હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું.

### ઉતારા ગામે ખેતરમાં જુગાર રમતા ૫ ઝડપાયા

બારડોલી: બારડોલી ગ્રામ્ય પોલીસે બાતમીના આધારે ઉતારા ગામની સીમમાં ખેતર જવાના રસ્તા પર ટોર્ચના અજવાળે જુગાર રમતા પાંચ ઇસમને રંગેહાથ ઝડપી પાડ્યા છે. પોલીસને જોઈ નાસભાગ મચી હતી, જેમાં સલમાન સલીમ શેખ, સાગર ઈશ્વર હળપતિ, કરણ અરવિંદ રાઠોડ, કિરણ ભીખા રાઠોડ અને મોહન મહેશ કોળઘા પકડાઈ ગયા હતા. જ્યારે પીયૂષ કરશન રાઠોડ અને પરેશ રમેશ ચૌધરી અંધારાનો લાભ લઈ ફરાર થયા હતા. પોલીસે દાવ પરથી અને અંગજડતીમાંથી રોકડા રૂ.૧૫,૭૦૦, ગંજીપત્તાં તથા ટોર્ચ મળી કુલ રૂ.૧૫,૯૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. તમામ સાત આરોપી સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરાઈ છે.


### બુહારીના રામજી મંદિર ખાતે આજે લોકડાયરો

વાલોડ: વાલોડના બુહારી ગામે આવેલ રામજી મંદિર ખાતે આજરોજ ભવ્ય લોકડાયરો તેમજ ભવ્ય સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ગુજરાતના જાણીતા કલાકાર ગોપાલ સાધુ ડાયરાની રમઝટ બોલાવશે. મહુવા વિધાનસભાના ધારાસભ્ય મોહનભાઇ ઢોડિયાની ગુજરાત વિધાનસભાના અનુસૂચિત જનજાતિ કલ્યાણ સમિતિના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી છે તેમજ ચંચળબેન ચૌધરીની તાપી જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે નિમણૂક થતાં બુહારી ગામના આગેવાન ઉદય દેસાઇ તેમજ તેમના પુત્ર કર્ણ દેસાઇ અને વિનીત દેસાઇ સહિત સમસ્ત ગ્રામજનોએ લોકડાયરો તેમજ ભવ્ય સન્માન સમારોહનું આયોજન કર્યું છે. આ લોકડાયરો બુહારી રામજી મંદિરના પટાંગણમાં આજે રાત્રે 9 કલાકે યોજાશે. ડાયરામાં ડો.જયરામભાઇ ગામીત, સાંસદ પ્રભુભાઈ વસાવા, જિલ્લા ભાજપ પ્રમુખ સૂરજભાઈ વસાવા, ધારાસભ્ય મોહનભાઇ કોંકણી ઉપસ્થિત રહેશે. ઉદય દેસાઇ તેમજ બુહારી ગ્રામજનો દ્વારા તાપી જિલ્લા સહિત સમગ્ર જનતાને આ ડાયરામાં પધારવા હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે.

### ઓલપાડમાં નશાકારક પદાર્થના વેચાણ બાબતે નાયબ મુખ્યમંત્રીને રજૂઆત

સાયણઃ ઓલપાડ તાલુકામાં સાયણ, દેલાડ, સિવાણ, સાંધીયેર અને અટોદરામાં વધી રહેલા નશીલા પદાર્થોના દૂષણ અંગે ગુજરાત કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયકે ગૃહમંત્રી હર્ષ સંઘવીને રજૂઆત કરી છે. તાજેતરમાં ઝડપાયેલા સુનીલ તોમરના ગેરકાયદે ડ્રગ્સ નેટવર્ક, બેંકિંગ વ્યવહારો અને સીડીઆરની ઉચ્ચસ્તરીય તપાસ કરવા તેમણે માંગ કરી છે. સાયણ સહિતના વિસ્તારોમાં ચાલતી ગેરકાયદે પ્રવૃત્તિઓ ડામવા અને યુવાધનને બચાવવા કડક કાર્યવાહીની અપીલ કરાઈ છે.

### બારડોલી કોર્ટે છેડતીના આરોપીને ૨ વર્ષની કેદ ફટકારી



બારડોલી: તરભોણ ગામની સીમમાં જૂન-૨૦૨૧માં મહિલા સાથે બનેલી છેડતી અને અડપલાંની ગંભીર ઘટનામાં કોર્ટે મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. ખેતરમાં મહિલાની મરજી વિરુદ્ધ જબરદસ્તી કરી, અડપલાં કરવા તથા જાનથી મારી નાંખવાની ધમકી આપવાના ગુનામાં આરોપી રણજીતભાઇ બુધીયાભાઇ હળપતિ (ઉં.વ.૩૨) સંડોવાયેલો હતો. બારડોલી પોલીસે તત્કાલીન પીએસઆઈ એમ.બી. આહીરની આગેવાનીમાં સચોટ પુરાવા એકત્રિત કરી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. સરકારી વકીલ આર.ડી.મંસુરીની ધારદાર દલીલો અને પુરાવાઓને ગ્રાહ્ય રાખી, એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસની કોર્ટે ૮ જૂન-૨૦૨૬ના રોજ આરોપીને આઈ.પી.સી. કલમ ૩૫૪(ખ) હેઠળ દોષિત ઠેરવી ૨ વર્ષની સાદી કેદ અને ૧,૦૦૦ના દંડની સજા ફટકારી છે.

### જેસીબી ડ્રાઈવરને ધમકી આપતાં ફરિયાદ

ભરૂચ: ડેડિયાપાડાના સેજપુર ગામે રહેતા કોન્ટ્રાક્ટર રતનભાઈ વસાવા અને તેમના પુત્ર કૌશિકભાઈએ વર્ષ-૨૦૨૫માં જેસીબી ખરીદ્યું હતું. મશીન શાંતિથી ચલાવવાની બાબતે મધ્યપ્રદેશના ડ્રાઈવર શારદાપ્રસાદ ઉર્ફે દીપક યાદવ સાથે બોલાચાલી થઈ હતી, જેથી તે નોકરી છોડીને ચાલ્યો ગયો હતો. ત્યારબાદ આરોપીએ ફોન પર ગાળો આપી, પોતાની પાસે બાર બોર અને છ બોરનું હથિયાર હોવાનો દાવો કરી આખા પરિવારને ગોળી મારી દેવાની ધમકી આપી હતી. પીડિત પરિવારની ફરિયાદના આધારે ડેડિયાપાડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.